# ઓકટોબર-૨૦૧૭ ધોરણ ૧૨ એચ.એસ.સીના અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓની પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરવા માટેની સુચના

આવેદનપત્રો ભરવાનો સમયગાળો :- તા.૦૫-૦૮-૨૦૧૭થી તા.૨૦-૦૮-૨૦૧૭

[ફકત અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓ માટે ઉ.મા શાળાઓએ ભરવું ફરજીયાત છે.]

[સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.બુ. પ્રવાહ]

*** સ્કુલ રજીસ્ટ્રેશન અને શિક્ષક રજીસ્ટ્રેશન**

**નોંધ**:- ઓકટોબર-૨૦૧૭ ના આવેદનપત્રો ભરવા માટે શાળા અને શિક્ષક રજીસ્ટ્રેશન કરવાની જરૂરિયાત નથી. ફકત વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાની કામગીરી કરવી.

*** વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન :-**

(૧) ઓકટોબર-૨૦૧૭ ની એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થનાર રીપીટર અને ખાનગી રીપીટર ઉમેદવારના આવેદનપત્રો માર્ચ-૨૦૦૭ની પરીક્ષાથી અમલી બનેલ વિષય માળખા મુજબ ફરજીયાત ઓનલાઇન શાળા કક્ષાએથી જ ભરવાના રહેશે. ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા તમામ ઉમેદવારોના ફોટોગ્રાફ સ્કેન કરી તેમના ટુંકા નામથી સેવ કરી એક ફોલ્ડરમાં અગાઉ થી મુકી રાખવા. પ્રત્યેક ઇમેજ 100 PXL(W) X 120 PXL(H) તથા 5 KB To 20 KB ની size મા રહે તે રીતે હોવી જોઇએ. તે જ પ્રમાણે પ્રત્યેક ઉમેદવારની સહી કાળી સહીથી કરાવવી. સ્કેન કરી અલગ ફોલ્ડરમાં ઉમેદવારના ટૂંકા નામથી સેવ કરી રાખવી. તેની સાઇઝ પણ 5 KB To 20 KB ની size માં રહે તે મુજબ હોવી જોઇએ. જો આપની શાળામાં અપંગ ઉમેદવાર હોય તો તેના મેડીકલ સર્ટીફીકેટ પણ સેવ (Save) કરી રાખવાનાં રહેશે. ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો **તા.૦૫-૦૮-૨૦૧૭ થી ૨૦-૦૮-૨૦૧૭ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે.** જેમાં વખતોવખત અપાયેલ બાયસેગની તાલીમ મુજબ કામગીરી કરવાની રહેશે.

(2) પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** ઓપન કરવાની રહેશે.

(3) તેમાં Student Examination Registration ફોર્મના student exam registration ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા તો http://hscexamreg.gseb.org ની વેબસાઇટ ઓપન કરવી.

(૪) STUDENT EXAMINATION REGISTRATION ફોર્મ નુ અલગ પેજ ઓપન થશે.તેમા લોગ ઇન આઇડીમાં એચ.એસ.સી પરીક્ષાનો સ્કુલ ઇન્ડેક્ષ નંબર લખવાનો રહેશે અને ફાળવામાં

આવેલ પાસવર્ડ ભરવાનો રહેશે. ત્યારબાદ આવેદનપત્રો ભરી શકાશે. પાસવર્ડ ન હોય તો Reset પાસવર્ડ પર જઇ નોંધાયેલ મોબાઇલ નંબર પર પાસવર્ડ મેળવી શકાશે.

(૫) લોગ ઇન આઇડી અને પાસવર્ડ એન્ટર કર્યા પછી લોગ ઇન ના ચેક બોક્ષ ઉપર ક્લીક કરવું.

(૬) Student Examination Registration માટેના " $12^{th}$ Student Registration(General)" પર ક્લીક કરવાનું રહેશે. તે ક્લીક કરતાં Student Examination Registration નું ફોર્મ ઓપન થશે જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કૂલ ઇન્ડેક્ષ નંબર, શાળાનું નામ દેખાશે.

(૭) તેમાં REPEATER અને REPEATER PRIVATE ઓપ્શન દેખાશે. તેમાંથી નિયમીત વિદ્યાર્થી કે જે બીજીવાર કે તેથી વધુવાર ઉપસ્થિત થનાર છે તેના માટે REPEATER ઉપર ક્લીક કરવું.ખાનગી વિદ્યાર્થી બીજીવાર કે તેથી વધુવાર અનુતીર્ણ હોવાના કારણે ઉપસ્થિત થનાર હોય તેના માટે REPEATER PRIVATE પર કલીક કરવું.

(૮) જેંન્ડરમાં MALE / FEMALE ઓપ્શનમાંથી જે લાગુ પડતુ હોય તેના ચેક બોક્ષ ઉપર ક્લીક કરવુ. સ્ટુડન્ટ આઇડી અને એપ્લીકેશન નબંરમાં આચાર્યએ કોઇપણ એન્ટ્રી કરવાની રહેશે નહિ. ફોર્મ સબમીટ કર્યા પછી કોમ્પ્યુટર બાય ડીફોલ્ટ આઇડી અને એપ્લીકેશન નબંર ફાળવશે.

સ્કુલ ઇનડેક્ષ નંબરના ખાનામાં ઉચ્ચતર માધ્યમિક શાળાનો ઇનડેક્ષ નંબર એન્ટર કરવો.

સ્કુલ જોઇનીંગ DATE માં ઉચ્ચતરમાધ્યમિક શાળામાં દાખલ થયામુજબ એંન્ટર કરવી.(ખાનગી વિદ્યાર્થીના Case માં તેના પ્રથમ પરીણામની તારીખ ભરવી.)

- વિદ્યાર્થી ની શાળાને લાગુ પડતુ હોયતો તેના ચેકબોક્ષ ઉપર ક્લીક કરવુ.
  કોન્ટેક્ટ ઇનફોર્મેશનમાં રહેઠાણનું સરનામું એડ્રેસના કોલમમાં ગામનો પીનકોડ સહિત દર્શાવવું તથા ફોનનંબર કે મોબાઇલ નબંર અચુક દર્શાવવો.

- HANDICAPPED ડિટેઇલ્સમાં જો ઉમેદવાર ૪૦% થી વધુ વિકલાંગતા ધરાવતા હોય તો HANDICAPPED ના સામે YES માં ક્લીક કરવું. ત્યારબાદ DISABILITY ટાઇપમાં ચારમાથી જે લાગુ પડતુ હોય તે ડ્રોપબોક્ષમાંથી સીલેક્ટ કરી ક્લીક કરવાનું રહેશે.વિકલાંગતાનુ સેવ કરેલ પ્રમાણપત્ર બ્રાઉજ ના બોક્ષ પર ક્લીક કરીને તેજ ફાઇલમાં અપલોડ કરવાનુ રહેશે તથા 200 KB થી વધે નહી તે રીતે હોવી જોઇએ.
  
  જે માધ્યમ ના ઉમેદવાર નુ આવેદનપત્ર ભરતા હોય તે સિલેકટ કર્યા બાદ આ મુજબની સ્ક્રીન દેખાશે.

- દા.ત. ગુજરાતી માધ્યમ
  **ધો-૧૨ ના વિષયો ની**
  (૧) ૦૧૩. ENGLISH S.L
  (૨) ૦૦૧ GUJARATI.F.L
  (૩) ગ્રુપ-૩ માંથી બે વિષય પંસદ કરવા
  (૪) ગ્રુપ-૪ માંથી ત્રણ વિષય પસંદ કરવા

- જે વિષયની પરીક્ષા આપવાની હોય તેની સામે appear column માં **"yes"** select કરવું અને જેમાં પાસ હોય અને પરીક્ષા ન આપવાની હોય તેની સામે appear column માં **"No"** select કરવું. ઉપર જણાવેલ વિષયો ગુજરાતી માધ્યમના છે.તેજ પ્રમાણે અન્ય મિડિયમ ચાલતી શાળાઓ માટે FIRST LANGUAGE & SECOND LANGUAGE (i), (ii) મિડિયમ મુજબ રહેશે. પ્રાયોગિક વિષય હોય તો ૮ મા વિષય તરીકે દર્શાવવો.
- રીપીટર વિદ્યાર્થી માટે પોતાની Fail ની માર્કશીટ તેમજ રીપીટર પ્રાઇવેટ વિદ્યાર્થી માટે પોતાની Fail ની માર્કશીટ , એડ્રેશ પ્રુફની નકલ Upload કરવાની રહેશે.

- CANDIDATE SIGN – BROWSE કરી UPLOD કરવી છેલ્લે SUBMIT પર ક્લીક કરવું. SUBMIT કર્યા પછી તમારો I.D. NO. નોટ કરી લેવો. શાળાના વિધાર્થીનુ ફોર્મ ભરવામાટે એક ન્યુ રેકોડ ના બટન ઉપર ક્લીક કરવાનુ રહેશે. આ રીતે એક પછી એક વિધાર્થી ના ફોર્મ ભરી શકાશે. જેટલા વિષયની પરીક્ષા આપવાની થતી હોય તે મુજબની ફી નીચે દેખાશે.
  - વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.

  1. નિયમિત રીપીટર (એક વિષય) રૂ.૧૨૦/- ફી
  2. નિયમિત રીપીટર (બે વિષય) રૂ.૧૮૫/- ફી
  3. નિયમિત રીપીટર (ત્રણ વિષય) રૂ.૨૪૦/- ફી
  4. નિયમિત રીપીટર (ત્રણ વિષય કરતા વધારે) રૂ.૪૦૫/- ફી
  5. ખાનગી રીપીટર (એક વિષય) રૂ.૧૨૦/- ફી
  6. ખાનગી રીપીટર (બે વિષય) રૂ.૧૮૫/- ફી
  7. ખાનગી રીપીટર (ત્રણ વિષય) રૂ.૨૪૦/- ફી
  8. ખાનગી રીપીટર (ત્રણ કરતા વધુ વિષય) રૂ.૪૦૫/- ફી

- Student Application No., Student Id આ બન્ને નંબરો આપની કક્ષાએ નોંધી રાખવાના રહેશે.
- Student I.D –001.010/00000007860
  (છેલ્લા ૬ અંક G.R.no છે)

  Student Application no. HS/SRP/001.010/000001 - એપ્લીકેશન ક્રમ નંબર
- ત્યાર બાદ મુખ્ય પેજ ઉપર આવેલ Menu Bar આવેલ Option Principal Approval માં જવું.

- Student Type માં Right પર ક્લીક કરવુ જેથી આપની શાળાના ઉમેદવારોનુ લીસ્ટ દેખાશે. તેજ પ્રમાણે REPETER પર ક્લીક કરવાથી REPETER ઉમેદવારો ની યાદી દેખાશે.
- Search પર ક્લીક કરવુ નીચે બોક્ષ મા વિદ્યાર્થીની તમામ વિગતો Student. I.D .Std, Application No. વગેરે દેખાશે. છેલ્લે Submit પર ક્લીક કરવુ.
- એપ્લીકેશનની print કરવા માટે Principal Approval માં જવું,અને stream 12th general અને exam month and year as October-2017 સીલેક્ટ કરી search પર ક્લીક કરવુ.પછી view પર ક્લીક કરવુ. અને print application પર ક્લીક કરો.
- એપ્લીકેશનની Edit કરવા માટે Menu bar માં Search and Edit માં જવું અને stream 12th general અને exam month and year as October-2017 સીલેક્ટ કરી search પર ક્લીક કરવુ. પછી Edit image પર ક્લીક કરવુ અને application edit કર્યા પછી SUBMIT પર ક્લીક કરો.
- Principal Approval Status Updated લાલ અક્ષરે લખેલ આવશે ત્યાં સુધી Principal Approval ન થાય ત્યાં સુધી ફી અંગેનુ ચલણ Generate થશે નહી.
  ચલણ GENERATE થયા પછી તેની કોપી પ્રીન્ટ કરી શકાય છે.

ચલણની પ્રિન્ટ કાઢીને તેને SBI (સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા) ની શાખા મારફતે ભરી શકશે, અથવા Online payment પણ કરી શકાશે.

- <u>Online payment કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે :-</u>

1) Main menu ના payment option માં Online payment ઓપ્શનમાં ક્લીક કરો.
2) ભરવાની થતી રકમ એન્ટર કરી Pay now બટન પર ક્લીક કરવું.
3) ત્યારબાદ Available Payment method જેવી કે ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કીંગ દેખાશે. આપની અનુકુળ પદ્ધતિ મુજબ ચુકવણી કરી શકો છો. Payment કરી payment receipt વાળુ પેજ આવે ત્યાં સુધી રાહ જોવી. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી Browser બંધ ન કરવું કે વેબપેજ Reload ન કરવું.
4) આપની ભરવાની થતી રકમ એક કે તેથી વધુ ભાગમાં ભરી શકો છો. ફોર્મ ભરવાની અંતિમ તારીખની મર્યાદા પૂર્ણ થતા તમામ રકમ ભરી વિગત ભરી દેવાની રહેશે.

## પેમેન્ટના ચાર્જીસ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ડેબીટ કાર્ડ | રૂ.૨૦૦૦/- ની ચુકવણી સુધી કુલ રકમના ૦.૭૫ % જેટલો ટ્રાન્જેક્શન ચાર્જ લાગશે. |
| ક્રેડીટ કાર્ડ | રૂ.૨૦૦૦/- ની ચુકવણી સુધી કુલ રકમના ૧ % જેટલો ટ્રાન્જેક્શન ચાર્જ લાગશે. |
| **Net Banking** | ટ્રાન્જેક્શન દીઠ રૂ.૫/- ચાર્જ લાગશે. |

- ઉપરના તમામ ટ્રાન્જેક્શન ચાર્જીસ પર ટેક્ષ (જે હાલ ૧૮% છે તે) લાગશે.
- ઉદાહરણ તરીકે જો આપ Net Banking થી રૂ.૨૫,૦૦૦/- payment કરો છો. તો રૂ.૨૫,૦૦૦/- + રૂ.૫/- (Transaction Charge) + રૂ.૦.૯૦ (રૂ.૫ ના ૧૮%) Tax એમ કુલ રૂ.૨૫,૦૦૫.૯૦ (રૂ.પચ્ચીસ હજાર પાંચ અને નેવું પૈસા) ચાર્જ લાગશે.
- SBI દ્વારા ચલણ ભરવાનો ચલણદીઠ રૂ.૨૦ ચાર્જ દ્વારા લેવામાં આવશે.

**શાળાએ બોર્ડને મોકલી આપવાની વિગતો**

1) તમામ વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવેલ ઓનલાઇન ફોર્મની નકલ
2) Online Software માંથી કાઢેલી કુલ વિદ્યાર્થીઓની યાદી
3) વિદ્યાર્થીઓની છેલ્લી પરીક્ષાની માર્કશીટ
4) વિકલાંગ વિદ્યાર્થીઓનું વિગલાંગતા સર્ટીફીકેટ
5) છેલ્લા ચલણની ૨ નકલ

ઉપરોકત તમામ દસ્તાવેજ આચાર્યશ્રી દ્વારા ખરાઇ કરી પ્રમાણિત નકલની ફાઇલ તૈયાર કરવાની રહેશે અને બોર્ડ દ્વારા હવે પછીથી અપનાર સુચના મુજબ મોકલી આપવાના રહેશે.

પરીક્ષા સચિવ,
ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ, ગાંધીનગર.